# સરકારે ગ્રામ્ય કેળવણી મંડળોને સક્રિય બનાવવા જોઈએ

એક શાળાના કેળવણી મંડળ સાથેનો એક કેળવણીકારનો અનુભવ જાણીએ. ગ્રામ્ય વિસ્તારની એક માધ્યમિક શાળા. દસ વર્ષ પહેલા સતત ૨૦ વર્ષ સુધી આસપાસના ગામમાં અને જે તે જીલ્લામાં કામ થકી ખૂબ જ પ્રખ્યાત. તે માટે જે તે સમયના આચાર્યની ખૂબ જ મહેનત. કેળવણી મંડળ સાથે જોડાયેલા સભ્યો પણ એટલા જ ઉત્સુક અને શાળા માટે મહેનતુ. સમય બદલાતો ગયો. કેળવણી મંડળના સભ્યો બદલાયા. આચાર્ય બદલાયા. શાળાની છાપ પણ બદલાઈ ગઈ ! આ ગામના જ એક વ્યક્તિ – જે એક કેળવણીકાર. જેમની વિચારધારાનો લાભ ગુજરાતની અનેક શાળાઓ અને સરકાર પણ આજે લે છે. છતાં આ ગામે તેમનો લાભ ના લીધો. લાભ નહિ લેવાનું કારણ કોઈ દ્વેષ ન હતો, પરંતુ કેળવણી મંડળ અને આચાર્યમાં શિક્ષણ માટે નિષ્ઠા કે દીર્ઘ દૃષ્ટિ નહિ. આમછતાં ગામના લોકોના સૂચનથી જે તે કેળવણીકારનો કેળવણી મંડળમાં સમાવેશ કર્યો. કેળવણીકાર પણ ગામ માટે કામ કરવા ઉત્સુક હતા. શાળાની અવારનવાર મુલાકાત લેવાનું શરૂ કર્યું. કેટલીક પાયાની સગવડો નહતી તે સગવડો તાત્કાલિક ઉભી કરી. શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શું શું કરવું જોઈએ તેનું માર્ગદર્શન આચાર્ય અને શિક્ષકોને આપ્યું. સૌ ખૂશ થયા. એક-બે મહિનામાં શાળામાં અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ સારા પ્રમાણમાં હકારાત્મક પરિવર્તન આવ્યું. સૌને લાગ્યું કે આ રીતે ૨-૩ વર્ષ કામ કરીશું તો શાળાની ભૂતકાળની છાપ પાછી લાવી શકાશે. પણ બન્યું એવું કે , કેળવણીકારના સૂચનોનો અમલ શાળાએ માંડ બેચાર માસ જ કર્યો. કેળવણીકારે આચાર્ય પાસે કામનો હિસાબ માંગ્યો. જે તેમની પાસે નહતો. તેમને કેળવણી મંડળને વાત કરી. મંડળના પ્રમુખ અને મંત્રીને મીટીંગ બોલાવવાનું વારંવાર કહ્યું. પરિણામ શૂન્ય. ના મંડળના પ્રમુખ મંત્રીએ રસ લીધો કે ના આચાર્યે રસ લીધો. અંતે કેળવણીકારને લાગ્યું કે, અહી મહેનત કરવાનો અર્થ નથી. આટલી મહેનત બીજી સંસ્થામાં કરું તો દસબાર સંસ્થાને લાભ મળે. અંતે તેમણે દુ:ખ સાથે રાજીનામું આપી દીધું. જે કેળવણીકારને મળવા માત્રથી શિક્ષકો, આચાર્ય ગૌરવ અનુભવે છે. જેમના વિચારોની ગુજરાતના શિક્ષણ પર અસર પડી છે. ઘણી શાળાઓ તેમના જ્ઞાનનો લાભ લેવા અથાગ પ્રયત્ન કરે છે. ત્યારે મફતમાં સેવા આપતા પેલા કેળવણીકાર મંડળમાંથી રાજીનામું આપી શાળામાંથી છૂટા થયા તેનો અફસોસ નથી આચાર્યને કે નથી કેળવણી મંડળના સભ્યો ને ! તારણ એ જ નીકળશે કે મંડળ અને આચાર્યના હૈયે શિક્ષણનું હિત કેટલું ? એ શાળા ચાલશે, પણ તેની છાપ ફરી ક્યારેય મેળવી નહિ શકે. નુકશાન જશે વિદ્યાર્થીઓને.

ઉપરોક્ત બાબતની ચર્ચા કેળવણીકારે અન્ય કેળવણીકારો અને શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓ સાથે કરી ત્યારે સૂર એવો નીકળ્યો કે, સાહેબ, મોટાભાગના ગ્રામ્ય કેળવણી મંડળો પણ આવું જ છે. કેળવણી મંડળની નિષ્ક્રિયતાને કારણે આચાર્ય કામ કરતા નથી કે શિક્ષકો સહકાર આપતા નથી. વગેરે વગેરે. ત્યારે શિક્ષણના હિતમાં વિચારીએ તો દરેક કેળવણી મંડળના દરેક સભ્યોએ વિચારવું જોઈએ કે, જે કામ માટે હું કેળવણી મંડળનો સભ્ય બન્યો છું તેની જવાબદારી હું યોગ્ય રીતે નિભાવું છું ? કેળવણી મંડળમાં રહેવાથી મંડળ અને શાળાને કોઈ ફાયદો કરી આપું છું ? જો જવાબ ના હોય તો આવી વ્યક્તિએ કેળવણી મંડળમાંથી ખસી જવું જોઈએ અને અન્યને માટે જગ્યા કરી આપવી જોઈએ. કેળવણી મંડળના સભ્ય બનવું એ સારી બાબત છે પણ જો માત્ર ગામમાં કે સમાજમાં વટ મારવા માટે જ સભ્ય બન્યા હોય તો તે શિક્ષણ માટે અહિતકારી છે,

તમે પાપ કરી રહ્યા છો. તમે જ તમારા ગામના છોકરાઓનું બગાડી રહ્યા છો. ભવિષ્યમાં તમને લોકો નકારાત્મક રીતે યાદ કરશે કે, ફલાણા ભાઈના સમયમાં ગામમાં શિક્ષણનું સ્તર નીચે ગયું. હકીકતમાં પોતાની ઈમેજ માટે નહિ પણ શાળાની ઈમેજ માટે કામ કરવું જોઈએ. શાળાના મોટાભાગના વિદ્યાર્થીઓ મંડળના સભ્યોને ઓળખતા પણ નથી હોતા.! તો આવા સભ્યોએ આત્મ નિરીક્ષણ કરવું જોઈએ.

ગુજરાતમાં અત્યારે ગ્રામ્ય વિસ્તારમાં મોટાભાગના કેળવણી મંડળો નિષ્ક્રિય છે. જેની અસર આપણને ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા પર દેખાઈ આવે છે. ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં શિક્ષણનું સ્તર કે ગુણવત્તા ઉંચી હોવાનાં ઘણા કારણોમાં એક કારણ એ પણ છે કે, શહેરી વિસ્તારના કેળવણી મંડળો – ટ્રસ્ટ કે સંચાલકો વધુ સક્રિય છે. તેઓ પૂરતો સમય શાળામાં આપે છે. અવારનવાર શાળાની મુલાકાત લે છે. આચાર્ય અને શિક્ષકોને માર્ગદર્શન આપે છે. આચાર્યે કામનો હિસાબ અવારનવાર રજૂ કરવો પડે છે વગેરે. જયારે ગ્રામ્ય વિસ્તારના મોટાભાગના કેળવણી મંડળના સભ્યો ભાગ્યે જ શાળામાં જાય છે. જાય તો વટ દેખાડવા. તેમનામાં શૈક્ષણિક માર્ગદર્શન આપવાની તાકાત કે આવડત જ નથી. જેથી આવા માણસો શાળામાં જાય તો પણ આચાર્ય અને શિક્ષકો તેમની મજાક ઉડાવતા હોય છે. હા... ગ્રામ્ય મંડળો ભ્રષ્ટાચારથી દૂર છે, તો સાથે શિક્ષણથી પણ દૂર જ છે. માટે જ ગ્રામ્ય વિસ્તારમાંથી લોકો પોતાના બાળકોને શહેરી વિસ્તારમાં ભણવા મોકલે છે. હજુ પણ એવા કેટલાક કેળવણી મંડળો છે કે જેમને સલામ મારવાની ઈચ્છા થાય. આવા મંડળો શોધીને તેમની પાસેથી નિષ્ક્રિય મંડળોએ શીખ લેવી જોઈએ.

સરકારે પણ કેટલાક હકારાત્મક પગલાં લઈને નિષ્ક્રિય મંડળોને સક્રિય બનાવવા જોઈએ. આ માટે ગ્રામ્ય વિસ્તારના કેળવણી મંડળના સભ્યોને ફરજીયાત તાલીમ આપવી જોઈએ. મંડળના ઓછામાં ઓછા પચાસ ટકા સભ્યો માટે ચોક્કસ પ્રકારની લાયકાત નક્કી કરવી જોઈએ. મંડળના સભ્યોને વિશ્વાસમાં લઈને તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. મંડળોએ કરેલ શૈક્ષણિક કાર્યની નોધ લઈને તેના કામને આધારે ગ્રાન્ટની ચૂકવણી કરવી જોઈએ. વર્ષ દરમિયાન જેમ આર્થિક પાસાઓને ધ્યાનમાં લઈને ઓડીટ થાય છે તેમ શૈક્ષણિક પાસાંઓને લઈને શાળાના ઓડીટની સાથે મંડળોએ વર્ષ દરમિયાન કરેલ કામનું પણ ઓડીટ થવું જોઈએ. તેને આધારે તેમને માર્ગદર્શન આપવું જોઈએ. કેળવણી મંડળો સક્રિય બને તે માટે વિવિધ જાગૃતિ માટેના કાર્યક્રમો યોજવા જોઈએ. વર્ષ દરમિયાન કેટલી મીટીંગો થઇ ? ક્યાં સભ્યે કઈ ભૂમિકા ભજવી ? શું માર્ગદર્શન આપ્યું ? કઈ કઈ પ્રવૃત્તિઓ કરી. શાળાને પ્રોત્સાહન કે દિશા આપવા શું પ્રયત્નો કર્યા ? શાળાની જરૂરિયાતો પૂર્ણ કરવા શું કર્યું ? વગેરે. જેમ શિક્ષકના કે આચાર્યના કામનું મૂલ્યાંકન થાય છે તેમ કેળવણી મંડળ અને તેના સભ્યોના કામનું પણ મૂલ્યાંકન થવું જોઈએ.

ગ્રામ્ય વિસ્તારમાં આજે પ્રાથમિક શાળાઓ જેટલી સક્રિય છે તેટલી માધ્યમિક શાળાઓ સક્રિય નથી. સરકારે આર્થિક મદદ કરીને ફરજમાંથી છટકી જવું ના જોઈએ. પ્રાથમિક શિક્ષણ માટે જેટલા પ્રમાણમાં દેખરેખ રાખવામાં આવે છે તેટલા પ્રમાણમાં માધ્યમિક ક્ષેત્રે ના તો સરકાર કે ના કેળવણી મંડળો દેખરેખ રાખે છે. આ માટે માધ્યમિક શાળાના શિક્ષકો પાસેથી સરકારે સૂચનો મંગાવવા જોઈએ. ડી.ઈ.ઓ. પણ વહીવટી કામમાં એટલા તો વ્યસ્ત હોય છે કે તેમની પાસે શિક્ષણની ગુણવત્તા સુધારવાની ઈચ્છા હોવા છતાં સમય જ બચતો નથી. ત્યારે દરેક જીલ્લામાં ચોક્કસ કમિટીઓ બનાવી શકાય. કે જે શાળાના શૈક્ષણિક કાર્યની દેખરેખ રાખે અને સાથે જરૂરી માર્ગદર્શન પણ આપે.